॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૫૬, ડિસેમ્બર–૨૦૨૩, રૂા. ૫.૦૦/–

## દીપોત્સવ ભુજ મંદિર



# અયોધ્યામાં ભવ્ય શ્રી રામ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ







ભગવાન શ્રીરામના જન્મ સ્થાન પર સંતો દ્વારા પૂજિત અક્ષત (ચોખા) કળશ કચ્છના વિભાગ કેન્દ્ર ભુજ ખાતે પહોંચતા ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, પાર્ષદ કોઠારી જાદવજી ભગત સાથે વરિષ્ઠ સંતોએ સ્વાગત તથા પૂજન કર્યું હતું.

આ પવિત્ર અક્ષત ક્રમશઃ દરેક જિલ્લા, તાલુકા કેન્દ્રોથી ગામે ગામ અને ઘરે ઘર પહોંચાડવાનું સંતોના માર્ગદર્શનમાં વિ.હિ.પ. દ્વારા સમાજના દરેક ઘટકને જોડી આ અભિયાન ૧ થી ૧૫ જાન્યુઆરી દરમિયાન પાર પાડવામાં આવશે.

દરેક પરિવારમાં પવિત્ર અક્ષત સાથે ભગવાન શ્રીરામ મંદિરનું ચિત્ર પણ અપાશે. સંતોએ માતાના મઢ પશ્ચિમ કચ્છ. પૂર્વ કચ્છ અને વાગડ વિસ્તારના પ્રમુખ, કાર્યકર્તાઓને પવિત્ર અક્ષત કળશ અર્પણ કર્યા હતા.

પૂજ્ય મહંત સ્વામીએ આ કાર્ય સફળતા પૂર્વક નિર્ધારિત સમય ઉપર થાય એવી શુભેચ્છા પાઠવી કાર્યકરોને આશીર્વાદ આપ્યા હતા.

તા.૫-૮-૨૦૨૦ના અયોધ્યા મંદિરના ખાતમુહૂર્ત માટે સમગ્ર કચ્છના પવિત્ર સરોવરોના જળ તથા માટી લેવાઈ ત્યારે ભુજ મંદિરમાં કચ્છભરમાંથી લાવવામાં આવેલ પવિત્ર જળ તથા માટીનું ભુજ મંદિરના મહંત સ્વામી દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું.

આગામી તા.૨૨-૧-૨૦૨૪ ના રોજ ભવ્ય રામ મંદિરનું ઉદ્‌ઘાટન ભારતના પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદી દ્વારા લાખો સંતો હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉત્સાહપૂર્વક ઉદ્‌ઘાટન થશે.

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ અંક-૧૦ ડિસેમ્બર-૨૦૨૩
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૫૬

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૭ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૧ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# તંત્રીની કલમે

પર્વાધિરાજ દિવાળીના તહેવારો સૌએ સાથે મળી ઉત્સાહ અને ઉમંગભેર રંગેચંગે ઉજવ્યા. પ્રાચીન પરંપરાઓની એક પ્રણાલિકા સમાન તુલસીવિવાહનો પ્રસંગ સૌએ ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક માણ્યો. આ સઘળો આનંદ આપણી સનાતન વૈદિક ધર્મની હજારો વર્ષથી ચાલી આવતી સંસ્કૃતિની પ્રણાલિકાની ભેટ છે. જેને આપણે સૌએ આપણા જીવન સાથે વણી લીધી છે. અને તેથી તેનો હર્ષોલ્લાસ આજે આપણે અનુભવી રહ્યા છીએ. પરંતુ સખેદ એ પણ જણાવવું પડે છે કે આપણી ઘણીબધી પરંપરાઓ તરફ આજનો સમાજ ઉપેક્ષાવૃત્તિ ધરાવે છે.

વિશ્વવ્યાપી માન્યતા છે કે, OLD IS GOLD અર્થાત્ પ્રાચીન અને પૌરાણિક બાબતો મૂલ્યવાન છે, જે અમૂલ્ય છે. હજારો વર્ષ જુની સંસ્કૃતિની પરંપરાઓ જો આજે પણ જળવાઈ રહી હોય તો એનો એ અર્થ થાય છે કે આ બાબત સનાતન છે. દિવાળી પછી નવા વર્ષના પ્રારંભે આપણે શુભ સંકલ્પો કરતા હોઈએ છીએ. શુભેચ્છાઓ પાઠવતા હોઈએ છીએ. અને એને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન પણ કરતા હોઈએ છીએ. આજના અર્થપ્રધાન સમાજમાં વડીલો ઉપેક્ષિત થતા જાય છે. આજની પેઢીમાં વૃદ્ધ અને વડીલો પ્રત્યે જે માન-સન્માન-આદર અને આત્મીયતાની ભાવના હોવી જોઈએ એમાં ઓટ આવેલી જણાય છે. આપણી પ્રાચીન સંસ્કૃતિએ ઘરના વડીલો અને માતાપિતાને પૂજનીય માને છે. જ્યારે આજની પરિસ્થિતિ બદલાતી જાય છે. તેથી આપણે શુભ સંકલ્પ કરીએ કે હું દરરોજ મારા ઘરના વડીલો અને માતાપિતા માટે સમય ફાળવી તેમની સાથે બેસી તેમની જરૂરિયાતો અંગે પૂછા કરી અને તેમના મનને આનંદ થાય તે માટે મારાથી શક્ય બનતા પ્રયત્નો કરીશ. તેઓને સદા ખુશ રાખવા પ્રયત્ન કરીશ.


આજે આધ્યાત્મિકતા કરતાં ભૌતિકતાનું મહત્ત્વ વધતું જાય છે. ત્યારે ભૌતિકતાના નશ્વર સુખની પ્રાપ્તિ પાછળ આંધળી દોટ મૂકનાર માનવ વડીલો માટે સમય ફાળવી શકતો નથી. જેથી ઘરમાં રહેલી નવી પેઢીના સંતાનો પણ વૃદ્ધ વડીલો પ્રત્યેની બાબતોને અવગણતા થયા છે. અને તેમની નજરમાં કુટુંબના વૃદ્ધ અને વડીલો પ્રત્યેની પોતાની ફરજો ભૂલાતી જાય છે. આવી પરિસ્થિતિનું નિવારણ કરવા ઉપર જણાવેલ સંકલ્પ કરી એને અનુસરવાની તાતી જરૂર છે. જેથી  મમતા મુરઝાઈ ન જાય અને સ્નેહની સરવાણી સૂકાઈ ન જાય. માતાપિતા અને વડીલોની અમીવર્ષા આપણા ઉપર સતત વરસતી રહે જેથી વડીલો પણ ખુશ રહે.

વડીલોની ઉંમર જેમ જેમ વધતી જાય છે તેમ તેમ તેમની અપેક્ષા પણ વધતી જાય છે. જ્યારે તેમની અપેક્ષા સંતોષાતી નથી ત્યારે વડીલો સંતાપ અનુભવે છે. આવા સમયે બાળકોએ વડીલો પ્રત્યે ખૂબજ સાવચેતી રાખવાની જરૂરિયાત છે. બાળકોએ વડીલો પ્રત્યે વ્યવહાર સદ્વર્તન, વિનય અને વાણીમાં નમ્રતા દાખવવી જોઈએ. તેમના પ્રત્યે આદરભાવ રાખવો જોઈએ. વાત કરતા સ્નેહ દાખવીને આંખમાં આંખ મિલાવીને હૂંફ આપવી જોઈએ. આપણા પ્રત્યે વડીલોના અનેક ઉપકારો છે જેનું ઋણ આપણે ચૂકવી શકીએ તેમ નથી.

વડીલો પ્રત્યે આદરભાવ, તેમના તરફથી સાંપડતા આશીર્વાદ આપણા જીવનની અમૂલ્ય મૂડી બની રહેશે. વડીલોના હૃદયમાં આનંદ વ્યાપે તેવા પ્રયત્નો આપણે કરતા રહીએ. વડીલો સતત જીવનમાં શાંતિ અનુભવતા રહેશે તે આપણા જીવનની નવી ઊર્જા બની રહેશે. આપણું જીવન કલ્યાણમય બની રહેશે.

વડીલો પ્રત્યેનો શુભ આદર દાખવવાનો શુભ સંકલ્પ આ નવા વર્ષમાં કરીએ અને શ્રીજીમહારાજની કૃપા સતત મેળવતા રહીએ

અસ્તુ જય શ્રીસ્વામિનારાયણ



હિંમતભાઇ ઠક્કર - ભુજ

શિક્ષાપત્રી શ્લોક - ૭૯

હિંમતભાઇ ઠક્કર 'રઘુવંશી'

એકાદશીનાં સર્વાશાં કર્તવ્યં વ્રતમાદરાત્ ।
કૃષ્ણજન્મદિનાનાં ચ શિવરાત્રેશ્ચ સોત્સવમ્ ॥

મારા આશ્રિતો હોય તેમણે સર્વ એકાદશીઓનું વ્રત આદર થકી કરવું. અને જન્માષ્ટમી આદિક ભગવાનના જન્મદિવસોનું વ્રત પણ આદરપૂર્વક કરવું. તથા શિવરાત્રીનું વ્રત પણ આદર થકી કરવું અને એ વ્રતોને દિવસે મોટા ઉત્સવો કરવા.

શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતા સમજાવે છે કે, બંને પક્ષની એકાદશીઓનું વ્રત આદરપૂર્વક શ્રદ્ધાથી કરવું. કેટલાકનો અંગત મત એવો પણ જાણવા મળે છે કે, શુક્લ પક્ષની એકાદશીનું વ્રત અવશ્ય કરવું, પણ કૃષ્ણ પક્ષની એકાદશીનું વ્રત ન થઇ શકે તો વાંધો નહિં. અને વળી બીજા કેટલાકનો મત એમ પણ જાણવા મળે છે કે, ચાતુર્માસની એકાદશીનું વ્રત અવશ્ય કરવું, પરંતુ બીજી આઠ માસની એકાદશીઓનું વ્રત ન થઇ શકે તો દોષ નહિં.

આપણે નિષ્ઠાવાન સત્સંગીઓ છીએ અને શ્લોક ૭૯ માં ક્યાંય પણ આ અને તે કે આમ અને તેમ કરવું ...ન કરવું વાંચવા મળે છે ? અને શ્લોકનું

ભાષાંતર કરનાર શ્રીશતાનંદ સ્વામીના શ્લોકના અર્થઘટનમાં પણ કોઈ એવો ઈશારો પણ ન કરવાનો મળે છે ? શા માટે નથી મળતો ? તો અવશ્યપણે પાછળથી કોઈ સંપ્રદાયના શક્તિશાળી વિવેચકોએ પોતાની સ્વૈચ્છીક રીતે આવા અર્થ પણ કર્યા હોય ખરા, તેથી ભાષ્યકારે જ કોઈના પણ નામ આપ્યા વગર આવું જણાવ્યું હોય. પરંતુ આપણાં જેવા સરળ, બુદ્ધિમાન અને વિચારક સત્સંગીએ તો ગુરુ, સદ્‌ગુરુ અને માત્રને માત્ર સ્વયં ભગવાન સહજાનંદ સ્વામીએ જેવી આજ્ઞા કરી છે, તેવી ને તેવી તે જ અર્થમાં સ્વીકારીને આપણે એકાદશીઓના વ્રત પૂર્ણ સ્વરૂપે જ કરવું. બાકીના બૌદ્ધિક કડાકૂટથી દૂર રહેવું.

"શ્રીહરિની આજ્ઞા શિરોધાર્ય, બૌધિક ચંચુપાત
અસ્વીકાર્ય.
વિતંડાવાદમાં જો અટવાયા, તો એકાંતિક ભક્તિથી
ભટકાયા."

હવે દરરોજ મંદિરના પગથિયાં ચડતો સત્સંગી પણ પૂર્ણપણે સમજી શકે છે કે, શ્રીજીમહારાજે શિક્ષાપત્રીનાં પ્રત્યેક શબ્દોમાં દિવ્યાતિદિવ્ય અમૃત વચનો વહાવીને તેનો અમર અક્ષરદેહ બનાવડાવ્યો છે. તેમાં તેમણે શો આદેશ આપ્યો છે તે ચિત્તમાં ઘુંટીએ. મંદિરમાં એવું પણ અનુભવાય છે કે, વિશ્વમાં આજે લાખો હરિભક્તો શ્રીહરિની આજ્ઞા પ્રમાણે જ એકાદશી કરતા સંભળાય છે. "બંને પખવાડિયાની એકાદશીનું વ્રત અવશ્ય કરવું. અર્થાત બારે માસની એકાદશીઓ સર્વેને સમાન ગણવી."

વળી તત્ત્વસાગરમાં પ્રબોધ્યું છે કે, "યથા શુકલા તથા કૃષ્ણા યથા કૃષ્ણા તથોત્તરા તુલ્યે તે મન્યતે યસ્તુ સ વૈષ્ણવ ઉચ્યતે" જે પુરુષો બંને પખવાડિયાની એકાદશીઓને સમાન માનીને એમનું વ્રત કરે છે, તેને જ વૈષ્ણવ કહેલો છે. વ્રત એટલે ઉપવાસ, પૂજા, જાગરણ એ આદિકનો નિયમ.

"એકાદશી મનોશારીરિક વ્યાધિ મારે,
અગ્યારેન્દ્રિયોને કાબૂમાં રાખે.
આદર-શ્રદ્ધા સહ થાય એકાદશી આધ્યત્મ માર્ગને
મોકળો રાખે."

ઉપરાંત શ્રીનારદીય પુરાણ પણ પ્રમાણ આપે છે, જે પુરુષ એકાદશીનાં દિવસે અન્ન જમી લે છે, તે પાપી પુરુષો વિષ્ટા, મૂત્રને પરુ જેમાં વહે છે, આવી નદીમાં પડે છે. એવા પુરુષો ચોર્યાશી લાખ યોનીમાં ચક્કર જ લગાવ્યા કરે છે.

"જ્યારે કોઈ વીંધી ના શક્યા, અર્જૂને પક્ષીની
આંખ વીંધી.
એકાંતિક ભક્તે એકાદશી કરી, અક્ષરધામની વાટ
લીધી."

આપણો સંપ્રદાય વિશદપણે સમજાવે છે કે, બધા જ વ્રતો શારીરિક, માનસિકરૂપે કરનારા પુરુષને સામર્થ્યવાન, સૌંદર્યવાન અને શક્તિમાન બનાવે છે. તેની અવશ્યંભાવીરૂપે ખાત્રી રાખવી જ. પરંતુ વૃદ્ધો, બિમાર, નાના બાળકો, સગર્ભા મહિલાઓ ઈત્યાદિક માટે પૂરની સમજણપૂર્વકની છૂટછાટો પણ શાસ્ત્રોમાં આપી જ છે. શિક્ષાપત્રીએ આ બધું પુનરાવર્તીતપણે સમજાવ્યું છે. શા માટે ? વાંચો..

"શ્રીનારદીય પુરાણ બોધ આપે, પરિવર્તિની,
પ્રબોધિની એકાદશીઓ.
ફલાહારી સ્વાદિયો ભક્ત, પ્રભુના હૃદયમાં ભાલાં
મારે."

તમામ અગિયારસોનું આટલું બધું મહત્ત્વ શા માટે છે ? એ પણ જાણી લઈએ અને શા માટે 'અગિયારસ' નામ પડ્યું ?

"મૂરદાન દાનવની કુદષ્ટિથી, સતિએ કાપ્યું તેનું
માંથું.
પ્રસન્ન પ્રભુએ વરદાન આપ્યું, આજથી ભુક્તિ-
મુક્તિ નામ આપ્યું."

## ભુજ મંદિરે ઉજવાયો દિવાળી ઉત્સવ



તા.૧૦-૧૧-૨૩ના દિવાળીના દિવસો શરૂ થાય છે.

ધનતોરસથી પ્રાતઃકાળે મંદિરમાં



દર્શનાર્થીઓ હરિભક્તો શ્રીહરિના દર્શન કરી કૃતાર્થ થયા હતા. ધનતેરસના શુભ દિવસે ગૌ પૂજન કરી ગાયો પ્રત્યેનો ભાવ વ્યકત કર્યો હતો. અને ગૌધનના શીંગડાઓ રંગી ગાયોને શણગાર કરવામાં આવ્યા હતા. મહંત સ્વામી આદિ સંતો દ્વારા ગૌશાળામાં ગાયોની પૂજા-આરતી કરી નમન કરવામાં આવ્યા હતા.

કાળીચૌદસના દિવસે આકડાના ફૂલોની માળાઓ સંતો દ્વારા તૈયાર કરવામાં આવી અને હનુમાનજી મહારાજને શણગાર કરવામાં આવેલ. હનુમાનજી મહારાજને સુખડીના નૈવેધ અને શ્રીફળ



ધરાવવામાં આવ્યા. મહંત સ્વામીએ હનુમાનજી મહારાજની આરતી ઉતારી દરેક સંતો સાથે રહી હનુમાનજી સ્તોત્ર પઠન કર્યા બાદ દરેક ભક્તોને સુખડીની પ્રસાદી આપવામાં આવી હતી.



દિવાળીના દિવસનું મહત્ત્વ અનેરું છે વર્ષનો અંતિમ દિવસ, વર્ષભરના કર્મોના લેખાંજોખાં કરી દરેક ભક્તો સન્માર્ગે ચાલી સત્કાર્યો કરવાના સંકલ્પો કરે છે.



દિવાળીના દિવસે લોકો પોતાને ઘેર સાથિયા પૂરે-રંગબેરંગી રંગોળીથી સુશોભિત કરે છે. તેમ મંદિરના સભામંડપ(ડોમ)માં પણ સત્સંગી બહેનો-દીકરીઓ-ભાઈઓ શ્રીનરનારાયણદેવ સન્મુખ ફ્રુટ-શાકભાજીથી સુંદર ડિઝાઈન બનાવી યુવાનો દ્વારા રંગોળી તૈયાર કરવામાં આવી હતી.

બપોર પછી ૪-૦૦ વાગ્યે ભુજ મંદિરના







સભામંડપમાં મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની ઉપસ્થિતિમાં ભુજ શહેરના વેપારીઓ-ધંધાર્થીઓ તેમજ મંદિરના અલગ અલગ વિભાગના ચોપડાનું



સમૂહ પૂજન કરવામાં આવ્યું. તથા લક્ષ્મીપૂજન કરવામાં આવ્યું. મહંત સ્વામીએ પધારેલ દરેક વેપારીઓને નીતિમતા સાથે વેપાર અને ભગવાનની ભક્તિ સાથે રહી અર્થોપાદન કરવાની ભલામણ સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.





સાંજે સંધ્યા આરતી સમયે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યો તથા સાંખ્યયોગી બહેનો દ્વારા મંદિરના પટાંગણમાં વિવિધ આકૃતિઓ બનાવી દીવોથી સુશોભન



કરવામાં આવેલ તે પ્રજ્વલિત કરી અલૌકિક વાતાવરણનું નિર્માણ કરવામાં આવેલું હતું. ભુજ મંદિરને લાઈટોથી વિવિધ ડિઝાઈનો કરી શણગારવામાં આવેલું. રોશનીથી મંદિરની શોભા અનેકઘણી વધી ગઈ હતી.

નૂતન વર્ષના દિવસે ઠાકોરજી પાસે વિધવિધના પકવાન ધરાવી અન્નકૂટ ધરવામાં આવેલ જેની સાંજે ૫-૦૦ વાગ્યા સુધી દર્શન કરી દરેકભક્તો આનંદિત થયા હતા.

આજે વહેલી સવારે મંગળા આરતી બાદ સભામંડપમાં કથા તેમજ નવા વર્ષના જય શ્રીસ્વામિનારાયણ સૌ સંતો પરસ્પર બાથમાં ઘાલી



કર્યા હતા. હરિભક્તો આ દિવ્ય દર્શનનો લહાવો લઈ ધન્ય થયા હતા. અને ૮ વાગ્યે પૂજ્ય મહંત સ્વામી આદિ સંતો બહેનોના મંદિરમાં અન્નકૂટની આરતી કરવા પધાર્યા હતા. ત્યારબાદ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિરમાં આરતી કરી પ્રસાદી મંદિરે શ્રીઠાકોરજીની આરતી કરી નિજ મંદિરે ૧૦ વાગ્યે ગોવર્ધન પૂજા સાથે પૂજ્ય મહંત સ્વામીએ અનેક પ્રકારના પકવાનો, ફરસાણો, વ્યંજનો, કઠોળ વગેરે થાળ આરોગતા શ્રીનરનારાયણ આદિ દેવોની પૂજારી સંતો સાથે પૂજ્ય મહંત સ્વામીએ આરતી કરી હતી.

આજના દિવસે સમગ્ર કચ્છના હરિભક્તો પરિવાર સાથે ભુજ શ્રીનરનારાયણદેવ તથા સંતોના દર્શન કરવા આવ્યા હતા. અને આવેલ દરેક ભક્તો બપોરનો મહાપ્રસાદ લીધો હતો. આવેલ દરેક ભક્તોને પૂજ્ય મહંત સ્વામીએ નવા વર્ષના શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

તા.૨૬-૧૧-૨૦૨૩ કાર્તિક સુદ-૧૫ પૂર્ણિમાના દિવસે દરસાલ મુજબ તુલસી વિવાહનું આયોજન ખૂબ ધામધૂમથી કરવામાં આવ્યું. જેમાં શ્રીઠાકોરજીના યજમાન પ.ભ.સોની વિનયભાઈ રસીકલાલ બુધભટ્ટી, સોની ઝેવેરીલાલ શીવજી બુધભટ્ટી સપરિવાર રહ્યા હતા. અને તુલસીબાઈના યજમાન પ.ભ.મમતાબેન તથા ગીરધરલાલ જેઠાલાલભાઈ (અજીત) ઠક્કર સપરિવાર રહ્યા હતા. મંદિરના પટાંગણમાં સવારે ૮-૦૦ કલાકે ગણેશ પૂજન, ૯-૦૦ કલાકે માંડવા, ૧૦-૦૦ કલાકે ગ્રહશાંતિ તથા બપોરપછી ૪-૦૦ વાગ્યે શ્રીઠાકોરજીનો વરઘોડો યજમાનશ્રીઓના ઘેરથી નીકળી મંદિરના પ્રાંગણમાં પધાર્યા હતા. સાંજે ૭-૦૦ કલાકે હસ્તમેળાપ આ સર્વે કાર્યક્રમો વિધિવિધાન પૂર્વક ભૂદેવો દ્વારા સંપન્ન કરાવવામાં આવ્યા હતા. સ્થાનિકે હરિભક્ત, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના કાર્યકર્તાઓના સહકાર સાથે રાતે મહાપ્રસાદ લઈ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યું. હતું.

## કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ આયોજીત સર્વજીવહિતાવહ પ્રશિક્ષણ શિબિર-૨૦૨૩

તા.૧૭-૧૧-૨૦૨૩ થી તા.૧૯-૧૧-૨૦૨૩ સુધી શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવામાં પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સમગ્ર ભારતમાં ચાલતા યુવક-યુવતી મંડળના સુહૃદ સમીતિના સંચાલકોએ ભાગ લીધો હતો. ૪૧૦ જેટલા યુવાનો તથા ૪૬૦ જેટલી યુવતીઓએ ભાગ લીધો હતો. તેઓને યથાયોગ્ય માર્ગદર્શન આપી જીવનનું ઘડતર કરનારા ૩૫ જેટલા સંતો તથા ૮૦ જેટલા સાંખ્યયોગી બહેનો પૂર્વ તૈયારી સાથે





ઉપસ્થિત રહ્યા હતા.

શુભારંભ તા.૧૭-૧૧ ના સવારે ૮ વાગ્યે શિબિરાર્થીઓ શિબિર સ્થળે પહોંચી આવ્યા હતા. પૂજ્ય મહંત સ્વામીના સ્વાગત માટે શિબિરાર્થીઓ સંકૂલના મુખ્ય દ્વારે પહોંચ્યા, ત્યારબાદ મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી હરિબળદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાદાશદાસજી આદિ વડીલ તથા કાર્યકર્તા સંતોનું પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું.





મહંત સ્વામી આદિ વડીલ સંતોના વરદ્હસ્તે શિબિરનું દીપ પ્રાગટ્ય થતાં તાડીઓના ગડગડાટ તથા જયઘોષની સાથે આખુંય વાતાવરણ ગુંજી ઊઠ્યું. દીપ પ્રાગટ્ય થયા બાદ પૂજય મહંત સ્વામીએ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો. બહોળી સંખ્યામાં પધારેલા યુવાનો તથા યુવતીઓને

જોઈને અતિ પ્રસન્ન થયેલ પૂજ્ય મહંત સ્વામીએ સંતોની મહેનતને બિરદાવીને શિબિરની સફળતાના આશીર્વાદ આપ્યા હતા. મહંત સ્વામીએ આગામી વીસમી સત્સંગ શિબિરનું આમંત્રણ પાઠવ્યું હતું.



ત્યારપછી યુવક મંડળની સભામાં વાંચવા માટે "સંક્ષિપ્ત શ્રીમદ્‌ભાગવત કથામૃત" પુસ્તકનું વિમોચન કરવામાં આવેલ. જેના સંકલનમાં સ્વામી હરિસ્વરૂપદાસજીએ બહુ સારી મહેતન કરેલી છે. આ રીતે શિબિરનો શુભારંભ કરવામાં આવ્યો.

**વ્યાખ્યાન/પ્રેઝન્ટેશન** : પહેલા દિવસનાં પહેલા જ સત્રમાં પુરાણી સ્વામી પરમહંસદાસજીએ "સંયમથી સહજાનંદ" આ વિષય પર ખૂબજ રસપ્રદ દ્દષ્ટાંતો દ્વારા સંયમ એટલે શું ? સંયમ રાખવાથી શું ફાયદાઓ થાય ?  સંયમ કેવી રીતે રહે ? એ આદી મુદ્દાઓ સમજાવ્યા હતા. વિશેષ સ્પષ્ટિકરણ કલાસરૂમમાં ગ્રુપચર્ચાના માધ્યમથી કરવામાં આવ્યું હતું.

બપોરપછીના સત્રમાં વકીલ ઘનશ્યામભાઇ ગોરે સંવિધાનની સમજણ આપેલી હતી. જેમાં જીવનમાં આવતી નાની મોટી આપત્તિઓ કે સમસ્યાઓ તેના યોગ્ય નિવારણ બતાવેલા હતા.

બીજા દિવસનો સંપૂર્ણ વિષય "શાસ્ત્રથી સહજાનંદ" હતો. અતિશય ગહન જ્ઞાનના વિષયને સરળતાપૂર્વક ડો.સ્વામી શુકમુનિદાસજી, શાસ્ત્રી સ્વામી બ્રહ્મમુનિદાસજી અને પાર્ષદ ખીમજી ભગત દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. તેમાં વિશિષ્ટાદ્વૈત મત, સ્વામિનારાયણ સંપ્રદાય કઇ રીતે વૈદિક, ગુરુ પરંપરાનું મહત્ત્વ, શુદ્ધ ઉપાસના, સત્શાસ્ત્ર વાંચનની આવશ્યકતા આદી મુદ્દાઓ વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યા હતા.

ત્રીજા દિવસે શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ "સંપથી સહજાનંદ" એ વિષય લઇ વિસ્તારપૂર્વક દરેક ક્ષેત્રમાં તેમજ સત્સંગમાં સંપનો મહિમા અને તેનું ફળ સૌ સભાજનોને સમજાવ્યું હતું.



**નિત્યનિયમ** : દરરોજ વહેલી સવારે પ્રાતઃકાળે ૫ વાગ્યે ઊઠી ધ્યાન, સ્નાન કરીને સૌ યુવાનો પૂજા કરવા સભામંડપમાં આવી જતા. બીજા દિવસે પ્રથમ પ્રાતઃપૂજા સમૂહમાં કરવામાં આવી જેમાં પુરાણી સ્વામી સંતસ્વરૂપદાસજીએ માર્ગદર્શન આપેલું હતું. ત્યારબાદ આરતી, ધૂન્ય, સ્તુતિ કરી

વચનામૃતની કથા થતી. બીજા દિવસે પુરાણી સ્વામી કુંજવિહારીદાસજીએ ગઢડા મધ્યનું ૪૯મું વચનામૃત વાંચી સમજાવેલું હતું. ત્રીજા દિવસે પુરાણી સ્વામી પ્રેમવલ્લભદાસજીએ ગઢડા પ્રથમનું ૭૬મું વચનામૃત સમજાવેલું હતું.

સાંજના આરતી, ધૂન્ય, સ્તુતિ, પ્રાર્થના કરી, થાળ જમાડીને યુવક મંડળની સભાનું આયોજન રાખવામાં આવતું. જે પ્રથમ દિવની સભા સંચાલન અબડાસા વિસ્તારના હરિભક્તોએ કરેલું. અને બીજા દિવસની સભાનું સંચાલન અંજારના હરિભક્તોએ કરેલું હતું. ત્યારપછી ચેષ્ટાગાન કરવામાં આવતું.

ભોજન પ્રસાદ : સવારની સભા પૂરી થયા પછી સૌ યુવાનો રસોડા વિભાગમાં અલ્પાહાર, બપોરે માનસીપૂજા કર્યા પછી ભોજન અને સાંજે વાળુ કરવા જતા હતા. હરિભક્તોના રસોડાની સેવા સંભાળતા સંતો સ્વામી મુક્તવલ્લભદાસજી તથા સ્વામી રામપ્રિયદાસજી તેમજ સાથી ભક્તો વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી સૌ યુવાનોને ભોજનનો આનંદ પમાડતા. ભોજનખંડમાં પણ ગવૈયા હરિભક્તો ધૂન અન શ્લોકનું ગાન કરી સૌને અખંડ ભગવાનનું સ્મરણ કરાવતા હતા.

**સત્સંગ કલાસ/સંતસમાગમ** : દરરોજ બપોરપછી યુવાનો પોતાના ગ્રુપ પ્રમાણે કલાસમાં જઈ સંતો પાસે જનમંગલ સ્તોત્રનો પાઠ શીખતા. સંસ્કૃત વ્યાકરણના નિયમોના આધારે સ્પષ્ટ ઉચ્ચારણ અને દીર્ઘ-હ્સ્વનું અનુસંધાન સંતો રખાવતા.

રાત્રે ૯-૩૦ વાગ્યે સંત સમાગમનો લાભ તમામ યુવાનો લેતા. જેથી દિવસ દરમિયાન થયેલ શંકા કે જીજ્ઞાસાઓનું સમાધાન યુવાનોને મળતું. પોતાના અંગત જીવનમાં કાંઈ મુશ્કેલી કે મુંઝવણ હોય તો સંતો પાસેથી યોગ્ય સમાધાન અને માર્ગદર્શન મેળવતા.

**પ્રવચન તથા આશીર્વાદ :-**

★ મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આશીર્વાદ પાઠવતા કહ્યું હતું કે તમારા જેવા યુવાનો અને યુવતીઓના મોક્ષની ચિંતા અમારા યુવાન સંતો અને સાંખ્યયોગી બહેનો કરે છે. તેમને બહુજ ધન્યવાદ છે. આ સંતોના કહ્યા પ્રમાણે રહેશો તો શ્રીનરનારાયણદેવ તમારા સૌ ઉપર બહુજ પ્રસન્ન થશે.

★ ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી મૂળ શાસ્ત્રનું વાંચન તેમજ આપે બીજાને ઉપદેશ અને શિખામણ આપી એના પહેલા આપણું વર્તન શુદ્ધ અને પવિત્ર થાય એવી સરસ ભલામણ કરી હતી.

★ સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીએ સમજાવ્યું કે અત્યારે આપે કેવળ શાબ્દિક જ્ઞાન મેળવીએ છીએ. તેનાથી આપણે ઉપાસનાની પૂરી સમજણ નહિ પડે, પરંતુ જ્યારે ધીરે ધીરે વર્તનમાં આવશે અને ગોપીઓની જેવી સ્થિતિને પામશું ત્યારે અનુભવ જ્ઞાન થશે.

★ કોઠારી પાર્ષદ જાદવજી ભગતે શિક્ષાપત્રી પ્રમાણે ચોખ્ખો ધર્માદો કાઢવો અને આપણા આ સંપ્રદાયની શરૂઆતમાં સંતોને ઘણું દુઃખ સહન કરવું પડ્યું હતું. તો તમને પણ આ સત્સંગમાટે થોડું કષ્ટ આવે તો સહન કરજો.

★ સ.ગુ.કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે શ્રીનરનારાયણદેવને વરી ચુકેલા આવા સંતો હંમેશા ભગવાનમાં જોડશે. નહિ કે વ્યક્તિમાં, માટે એનો હંમેશા આશરો રાખજો.

★ સ.ગુ.સ્વામી ભક્તિપ્રિયદાસજી યુવાન સંતોની મહેનતને બિરદાવી અને શિબિરાર્થીઓને આ મહેનતને સફળ કરવાની ભલામણ કરી.

★ પુરાણી સ્વામી રાઘવમુનિદાસજીએ સંત પ્રવચનમાં ગઢડા પ્રથમના ૨૧માં વચનામૃતના આધારે ભગવાનને અતિશય પ્રસન્ન કરવા ઉપર વાત કરી.

★ સ્વામી રામાનુજદાસજીએ સંત પ્રવચનમાં એકાંતિક ભક્ત આલા ખુમાણના દૃષ્ટાંતથી મહારાજની નાના મોટી આજ્ઞા ન લોપાય એવી ભલામણ કરી.

★ પુરાણી સ્વામી પરમહંસદાસજીએ અંતે આભારવિધિની સાથે સત્સંગમાં શિષ્ટાચાર ચુકાઈ ન જાય એની મીઠી ટકોર કરેલ.

## શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર માંડવી

બંદરીય શહેર માંડવી નગરમાં સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ દ્વારા માંડવીના હરિભક્તોને સુખિયા કરવા માટે વિ.સં.૧૯૧૫ માં આજથી ૧૬૪ વર્ષ પહેલાં શિખરબધ મંદિર કરાવી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.



વર્તમાન માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી શાંતિપ્રિયદાસજી અને કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી આદિ સંતો દ્વારા માંડવી પ્રસાદી મંદિરના સભામંડપમાં શ્રીનરનારાયણદેવ અને શ્રીસહજાનંદ સ્વામીના મૂર્તિ પધરાવવામાં આવ્યા.

તા.૯-૧૧-૨૦૨૩ ના ૨મા એકાદશીના દિવસે સદ્‌ગુરુ સ્વામી અદ્‌ભુતચરણદાસજી તથા સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી દ્વારા ઠાકોરજીની મહાઆરતી કરવામાં આવી. સત્સંગસભા અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું. મહાપ્રસાદના યજમાન કમલેશ ખીમજી શૌશી રહ્યા હતા.

શહેરના સત્સંગીઓ દ્વારા દર ગુરુવારે શ્રીઘનશ્યામ બાલમંડળની સભાનું આયોજન કરી ૧૦૦ જેટલા બાળકો દ્વારા બાલસભાનું આયોજન કરવામાં આવે છે.

માંડવી બહેનોના મંદિરના મહંત સાંખ્યયોગી રતનબાઈ ફઈ, ઉપમહંત સાંખ્યયોગી કાનબાઈ ફઈ, સાંખ્યયોગી મોટા મેઘબાઈ ફઈ, સાંખ્યયોગી નાના મેઘબાઈ ફઈ આદિ સાંખ્યયોગી બહેનો દ્વારા દર શનિવારે શહેરના સત્સંગી બહેનોની વિશેષ સભાનું આયોજન કરવામાં આવે છે.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની રગ્બી (U-14) ટીમે ખેલ મહાકુંભમાં કચ્છનું ગૌરવ વધાર્યું-રાજ્યમાં તૃતીય

રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિ ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની શાળાકીય રગ્બી (U-14) ગેમનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.



જેમાં આપણી શાળા શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની રગ્બી (U-14) ટીમ કચ્છ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરેલું હતું. જેમાં આપણી શાળાની ટીમ સમગ્ર રાજ્યમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કરીને શાળા તેમજ કચ્છ જીલ્લાનું ગૌરવ વધારેલ છે.

સિદ્ધિ પ્રાપ્ત કરનાર તમામ દીકરીઓ અને સ્પોર્ટ્સ કોચ રશ્મિતાબેનને ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરનાં પૂજ્ય મહંત સ્વામી, વડીલ સંતો, ટ્રસ્ટી મંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈનાં અંતરના રૂડા આશીર્વાદ સહ અભિનંદન તેમજ સંચાલક મંડળ તથા સંસ્થા પરિવાર તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની રગ્બી (U-17) ટીમે ખેલ મહાકુંભમાં કચ્છનું ગૌરવ વધાર્યુ-રાજ્યમાં દ્વિતીય



રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિ ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની શાળાકીય રગ્બી (U-17) ગેમનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં આપણી શાળા શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની રગ્બી (U-1) ટીમ કચ્છ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરેલું હતું. જેમાં આપણી શાળાની ટીમ સમગ્ર રાજ્યમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરીને શાળા તેમજ કચ્છ જીલ્લાનું ગૌરવ વધારેલ છે.

સિદ્ધિ પ્રાપ્ત કરનાર તમામ દીકરીઓ અને સ્પોર્ટ્સ કોચ રશ્મિતાબેનને ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરનાં પૂજ્ય મહંત સ્વામી, વડીલ સંતો, ટ્રસ્ટી મંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈનાં અંતરના રૂડા આશીર્વાદ સહ અભિનંદન તેમજ સંચાલક મંડળ તથા સંસ્થા પરિવાર તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની રગ્બી (U-19) ટીમે ખેલ મહાકુંભમાં કચ્છનું ગૌરવ વધાર્યુ-રાજ્યમાં પ્રથમ

રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિ ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની શાળાકીય રગ્બી(U-14) ગેમનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.



જેમાં આપણી શાળા શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની ૨૭બી (U-19) ટીમ કચ્છ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરેલું હતું. જેમાં આપણી શાળાની ટીમ સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને શાળા તેમજ કચ્છ જીલ્લાનું ગૌરવ વધારેલ છે.

સિદ્ધિ પ્રાપ્ત કરનાર તમામ દીકરીઓ અને સ્પોર્ટ્સ કોચ રશ્મિતાબેનને ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરનાં પૂજ્ય મહંત સ્વામી, વડીલ સંતો, ટ્રસ્ટી મંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈનાં અંતરના રૂડા આશીર્વાદ સહ અભિનંદન તેમજ સંચાલક મંડળ તથા સંસ્થા પરિવાર તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળાનો ઝોન પ્રદેશ કક્ષા યુવા ઉત્સવ લોકનૃત્ય સ્પર્ધામાં વિજય

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ




વિભાગ દ્વારા આયોજિત ઉત્તર ગુજરાત ઝોન પ્રદેશ કક્ષા યુવા ઉત્સવ લોકનૃત્ય સ્પર્ધા સાબરકાંઠા મુકામે તા.૭-૧૧-૨૦૨૩નાં યોજાયેલ. જેમાં અમારી શાળા શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરે રાજસ્થાની લોકનૃત્ય રજૂ કરીને સમગ્ર કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી દ્વિતીય સ્થાન મેળવેલ છે. કચ્છ વતી આ ટીમ રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે.

ગોર નેહલબેન અને ગોસ્વામી સ્વેનીબેને વિદ્યાર્થીનીઓને તૈયારી કરાવવામાં જહેમત ઉઠાવી હતી. સંગીત ટીમ વૈષ્ણવ હેતલ (હાર્મોનિયમ), પિંડોરીયા અર્ચના (ગાયન), ઠક્કર જીત (ઢોલ), શેઠીયા રીશી (નોબત) દ્વારા પ્રશંસાભરી પ્રસ્તુતિ કરાઈ હતી.

આ તમામ દીકરીઓની સિદ્ધિઓને શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી આદિ મંદિરના સર્વે સંતવૃંદો, પૂજનીય મહંત સામબાઈ ફઈ તથા સાંખ્યયોગી બહેનોએ આશીષસહ શુભેચ્છા પાઠવી હતી. તથા શાળાના ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો, આચાર્યાશ્રી તેમજ શિક્ષકોએ આ સિદ્ધિને બિરદાવી હતી. અને ઉત્તરોતર પ્રગતિ કરી સિદ્ધિના સોપાનો સર કરી શાળાનું નામ રોશન કરતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

## દિવાળી ઉત્સવ વિલેપાર્લા - મુંબઇ

ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન - વિલેપાર્લા મુબંઈ મધ્યે દિવાળી તથા નવા વર્ષનો ઉત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો. દિનાંક-૧૧-૧૧-૨૦૨૩ શનિવારના રોજ મારૂતિયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ દરમિયાન હનુમાનમંત્રની ૧૦૦૮ આહુતિઓ આપવામાં આવી હતી. સાંજના સમયે હનુમાનજીનું વિશેષ પૂજન તથા હનુમાન







ચાલિસા તથા હનુમાનસ્તોત્રના પાઠ કરવામાં આવ્યા હતા.

દિનાંક ૧૨-૧૧ ના રોજ દિવાળી હોવાથી બપોરપછી ૪-૩૦ થી ૫-૩૦ લક્ષ્મીપૂજન તથા નવા વરસના ચોપડાનું પૂજન કરવામાં આવ્યું હતું. અનેક હરિભક્તો વેપારીઓએ પોતાના ચોપડા મંદિરમાં મૂકેલ હોવાથી સંતો તથા ભૂદેવો દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું.

દિનાંક ૧૩-૧૧ ના પાછલા અઠવાડિયાથી સંતો તથા સાંખ્યયોગી બહેનો-હરિભક્તો સાથે મળી નવા વરસના રોજ ઠાકોરજીને ધરાવવા વિવિધ મિષ્ટાનો, ફરસાણો તૈયાર કરવામાં આવેલ ૧૦૦ થી વધારે વાનગીઓ, વિવિધ શાકો, કઠોળ, અથાણાઓના થાળ સવારે ૧૦ વાગ્યે ધરવામાં આવ્યા હતા. ૧૦-૩૦ વાગ્યે અન્નકૂટની આરતી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કરી હતી. મુંબઈમાં રહેતા કચ્છના હરિભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સવારે સંતો-હરિભક્તો એકબીજાને મળી નવા વરસની શુભેચ્છાઓ પાઠવી હતી. સાંજે ૫ વાગ્યે થાળ વારવામાં આવ્યા હતા. આમ ઉત્સાહપૂર્વક આ ઉત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો. જેમાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ તેમજ શ્રીઘનશ્યામ બાલ-બાલિકા મંડળના બાળકો-યુવાનો દરેક ઉત્સવોમાં સહયોગી રહ્યા હતા.



તા.૨૬-૧૧-૨૩ રવિવારે ભવ્ય તુલસી વિવાહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીઠાકોરજીના યજમાન પ.ભ.બાબુભાઈ મોહનભાઈ-મુંબઈ જુના કટારીયાવાળાના ઘેરથી વાજતે ગાજતે ફૂલેકું નીકળી મંદિરના પ્રાંગણમાં પહોંચ્યું હતું અને અહીં વિધિપૂર્વક ભગવાનનાં તુલસીબાઈ સાથે લગ્ન થયા હતાં. તુલસીબાઈના યજમાન પ.ભ. આંબાભાઈ કરમશી ઢાઢી - મુંબઈ કંથકોટવાળાએ લાભ લીધો હતો. ધામધૂમથી આ બંને પરિવારે મળી વિધિવિધાન પૂર્વક આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આવેલ દરેક ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

અ. સંચાલકશ્રી યુવક મંડળ -પાર્લા

## ભુજ મંદિર સંચાલિત
## શ્રી સ્વામિનારાયણ વિશ્રાન્તિ ભુવન
## વિલેપાર્લા મુંબઇનો ૨૫ મા વાર્ષિક
## પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ભાગવત સપ્તાહ
## પારાયણ જ્ઞાનયજ્ઞ

શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલેપાર્લા મુંબઈના ૨૫ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા.૫ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાશે.

દેશ-વિદેશમાં આવતા-જતા હરિભક્તોની અતિ ઉપયોગમાં આવતા આ વિશ્રાંતિ ભુવનને ૨૫ વર્ષ થઇ રહ્યાં છે. ત્યારે આપ સૌ હરિભક્તોને આ મહોત્સવમાં પધારવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

આપ પધારવાના હો તો આ નંબર ઉપર અવશ્ય જાણ કરશો જેથી આપની વ્યવસ્થામાં સુગમતા રહે.

૮૮૭૯૬૫૦૭૫૪ - ૯૯૭૮૧૧૨૭૪૨

સંચાલકશ્રી

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ
## સંચાલિત

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ-ગાંધીધામ (કચ્છ)માં અંગ્રેજી માધ્યમથી ચાલતા આ શિક્ષણધામને ૨૫ વર્ષ થઇ રહ્યાં છે. તા.૨૭ થી ૩૧ ડીસે. ૨૦૨૩માં આ પ્રસંગે ઉજવાવનાર રજત જયંતી મહોત્સવમાં દાતાઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વર્તમાન વિદ્યાર્થીઓ વાલીઓ સહિત પધારવા આમંત્રણ પાઠવીએ છીએ.

## શ્રીસ્વામિનારાયણ મંદિર તીર્થધામ
## કંથકોટ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા
## મહોત્સવ-૨૦૨૩

ભચાઉ તાલુકામાં આવેલું કંથકોટ ગામ સત્સંગ અને સંપ્રદાયમાં ખૂબ જાણીતું છે. પહાડ ઉપર







વસેલા આ ગામમાં શ્રીજીમહારાજ પધારી કચરા ભક્તા આદી હરિભક્તોના ભાવ પૂર્ણ કરેલા છે. આ ગામમાં પતાસર તળાવ અને નવઘણ વાવ પણ પ્રસાદીનાં છે. જેમાં ભગવાન શ્રીહરિએ સંતો સહિત સ્નાન કરેલ છે. સમયાંતરે આ ગામ પહાડની તળેટીમાં વસ્યું. શ્રીજીમહારાજના વરદાન અને



આશીર્વાદથી આ ગામમાં સત્સંગ ખૂબ ફૂલ્યોફાલ્યો છે.

સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીના નેતૃત્વમાં દેશવિદેશના હરિભક્તોના સહયોગથી ભુજ મંદિર દ્વારા આ ગામમાં ભવ્ય નૂતન મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્ય મહંત સ્વામી આદિ સંતો અને હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્‌હસ્તે તા.૨૦-૧૧-૨૦૨૩, કારતક સુદ-૮ ના રોજ શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.

સ્થાપન-પૂજન અને ૫૧ પોથીયાત્રાથી શરૂ થયેલા આ મહોત્સવમાં શ્રીમદ્‌ભાગવતના શ્રવણની સાથે સાથે શ્રીકૃષ્ણ જન્મોત્સવ, સત્સંગ યુવામંચ, સત્સંગ મહિલામંચ, વ્રજફૂલદોલોત્સવ, ભવ્ય શોભાયાત્રા, મહાવિષ્ણુયાગ, દિવ્ય રાસોત્સવ, પાંચ દિવસ ગાયોને ઘાસ નિરણ જેવા અનેકવિધ કાર્યક્રમોનું મંગલ આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવમાં દેશવિદેશના અને મુંબઈ સ્થિત મુખ્ય યજમાનશ્રી, સહયજમાનશ્રીઓ અને મંદિર નિર્માણના યશસ્વી દાતાશ્રીઓ અને વડીલોનું પૂજ્ય મહંત મહારાજશ્રી અને સ્વામીના વરદ્‌હસ્તે યથાયોગ્ય પહેરામણી દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

સંતો અને સાંખ્યયોગી બહેનોના માર્ગદર્શન મુજબ મુંબઈ સ્થિત ગામના યુવાનો-યુવતીઓ અને રાપરના મહિલા મંડળે મહોત્સવમાં આવનાર દરેક ભાઈઓ-બહેનો, વડીલો, મહેમાનોને ભાવથી જમાડી આ મહોત્સવને સફળ બનાવવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી શ્રીજીમહારાજ અને સંતોનો





રાજીપો મેળવ્યો હતો.

કંથકોટનો સત્સંગ અને મંદિરનો વહીવટ સુચારૂ સારી રીતે ચાલે તે માટે પૂજ્ય મહંત સ્વામીએ ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત અને સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીની ઉપસ્થિતિમાં એક કાર્યવાહક સમિતીની નિમણુંક કરી હતી. જેમાં સદ્‌ગુરુ પુરાણી




સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી મહાપુરુષદાસજી, શા.સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી સંતજીવનદાસજી, શા.સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, મનજીભાઇ રણછોડ ઢાઢી, અંબાવીભાઇ ગોવિંદ ઢાઢી, કરમણભાઇ લક્ષ્મણ ઢાઢી, નરશીભાઇ કરમશી ઢાઢી, અરવિંદભાઇ વિશા વાવિયા, આંબાભાઇ પૂંજાભાઇ ખાંભલ્યા અને લાલજીભાઇ રણછોડ વાવિયા એમ ૮ સભ્યોની વરણી સાથે પુષ્પમાળા પહેરાવી આશીર્વાદ પાઠવ્યા હતા. સાથે રાપર મંદિરના મહંત સાંખ્યયોગી રમિલાબેન તથા સાંખ્યયોગી રતનબેન આદી બહેનોને મહંત સ્વામીએ કંથકોટ મંદિર સંભાળવાની નિમણુંક(ભલામણ) પણ કરી હતી. આ નિમણુંકને સૌ સભાસદોએ તાળીઓના નાદ સાથે વધાવી લીધી હતી.

આમ ભક્તિમય વાતાવરણમાં પંચદિનાત્મક આ મર્તિપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા.૨૨-૧૧-૨૦૨૩ના રોજ બપોરે ૧૨ કલાકે ઉત્તરપૂજન અને સમાપનની આરતી સાથે પૂર્ણ કરવામાં આવ્યો હતો.

અ.સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, ભુજ

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| | |
|---|---|
| ૨૫૧ | રામજી વાલજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદિયા |
| ૩૦૦ | અશોક વિશ્રામ ભુડિયા જન્મદિવસ નિમિત્તે - માધાપર |
| ૨૫૦ | ભાવેશકુમાર હરેશભાઇ ચાવડા જન્મદિવસ નિમિતે ચીરમીરી- છતીસગઢ |
| ૨૦૦ | રવજી માવજી ભુડિયા, ધ.પ.વેલબાઇ, શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે - માધાપર |
| ૧૦૦૦ | રવિભાઇ આરેઠીયા નવી દુકાનમાં ઠાકોરજીની પધરામણી નિમિત્તે - અમદાવાદ |
| ૫૫૫ | લાલજી લખમણ ભુડીયા, ધ.પ.કુંવરબેન લાલજી ભુડીયા બંનેની ૭૦ વર્ષની જન્મદિન નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે - માધાપર હાલે -લંડન |



# શ્રી સ્વામિનારાયણ નગર ઉદ્‌ઘાટન, નઈરોબી-લંગાટા

શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી લંગાટા ભુજ શ્રીનરનારાયણદેવ તાબાનું આ મંદિર દ્વારા લંગાટા વિસ્તારમાં અહીં ૩૦૦ જેટલા મકાનો બનાવવામાં આવ્યા છે. અને આ મકાનોની સોસાયટીનું નામ શ્રીસ્વામિનારાયણ નગર રાખવામાં આવેલ છે. આ મકાનોનું વાસ્તુપૂજન તથા ઉદ્‌ઘાટનવિધિ તા.૨૦-૧૧-૨૩ને શુક્રવારના રોજ આપણા ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી તથા ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી





ભગત તથા અન્ય બ્રહ્મનિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં સંતોના વરદહસ્તે ખૂબજ ધામધૂમથી કરવામાં આવ્યું. અને વાસ્તુપૂજન મંદિરના ગોર સુરેસ મહારાજ દ્વારા કરવામાં આવ્યું. આ શુભ અવસરે મંડળી તથા બહેનો હરિભક્તોના સમૈયા દ્વારા મહંત સ્વામી તથા અન્ય સંતોની પધરામણી વાજતે ગાજતે સ્વામિનારાયણ નગરમાં કરવામાં આવી. અને મહંત સ્વામીના વરદ્‌હસ્તે પ્રથમ મુખ્ય પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. અને ત્યારબાદ મહંત સ્વામી અને અન્ય વડીલ સંતોના વરદ્‌હસ્તે વાસ્તુપૂજન પૂર્ણાહુતિનું નારિયેળ હોમવામાં આવ્યું. આ રીતે વાસ્તુપૂજનનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું અને ત્યારબાદ આ સ્વામિનારાયણ નગરમાં જે જે હરિભક્તોએ તમ, મન, અને ધનથી સેવા કરી છે તેને હારતોરાથી સન્માનિત કરી બિરદાવવામાં આવ્યા હતા. અને ત્યારબાદ બપોરના ૧૨-૦૦ વાગ્યે સર્વે હરિભક્તોને મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હરિભક્તો સારી સંખ્યામાં હાજર રહી પ્રસંગને શોભાવ્યો હતો. આ સ્વામિનારાયણ નગરમાં ૧૪૦ જેટલા હરિભક્તોએ રાહતદરે સસ્તાભાવે મકાનો લીધા છે. ૧૫૦ જેટલા હરિભક્તોને સસ્તાદરે રહેવા માટે ભાડે આપ્યા છે. આ સ્વામિનારાયણ નગરના મકાનોમાં આપણાં હરિભક્તો આર્થિક રીતે ઘણી મદદ મળી છે. આવું આ સરસ કાર્ય જોઇ નિહાળી સંતો તેમજ હરિભક્તો ખૂબજ રાજી થયા અને સર્વે સંતો તથા હરિભક્તોએ ધન્યતા અનુભવી.

મંત્રીશ્રી, લંગાટા મંદિર

। શ્રીનરનારાયણદેવ પાહિ મામ્ ।

## શ્રીસ્વામિનારાયણ મંદિર (ભુજ શ્રીનરનારાયણદેવ) પ્રાયોજીત
## શ્રીસ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ અને ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત



# શ્રીસ્વામિનારાયણ હોસ્પિટલ

### ભુજ-માંડવી હાઈવે, ભુજ કચ્છ – ૩૭૦ ૦૦૧.

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथा शक्ति च मामकैः ॥ ( शिक्षापत्री १३९ )

અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા, પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવતપર્યન્ત પોતાના સામર્થ્ય પ્રમાણે સેવા કરવી. (શિક્ષાપત્રી ૧૩૯)

માતા પિતા ગુરૂ વડીલ દીન દુખીની સેવા કરવી એમ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરેલી છે. વળી માતા-પિતા પાસે દિવસ રાત હાજર રહી તેમણે જાતે ભાવથી ખૂબ સેવા કરી છે. વનવિચરણ દરમ્યાન દક્ષિણ ભારતમાં સેવકરામ નામે સાધુની લાંબા સમય સુધી સેવા કરીને તેને સાજા કર્યા. ગુરૂ સદ્‌ગુરૂ રામાનંદ સ્વામીના આશ્રમમાં માંદા સંતો ભક્તોની ખંતથી સેવા કરી. ગુરૂ રામાનંદ સ્વામીની મરજી અને અનુવૃત્તિ પ્રમાણે લાંબા સમય સુધી આશ્રમમાં સેવા કરી. આમ પોતે ખંતથી ખૂબ સેવા કરી અને અનેક લોકોને તેની પ્રેરણા કરી. આવી રીતે સેવા કરવાનો શિક્ષાપત્રીમાં આદેશ કરેલ છે. તે અનુસાર ઝીણાભાઈએ કમળશી ભગતની સેવા કરેલી તે પ્રસંગ સત્સંગમાં પ્રસિદ્ધ છે.

આ સેવાભાવ, પરંપરા અને આદેશને ધ્યાનમાં લઈ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાથી શ્રીસ્વામિનારાયણ સેવાશ્રામમાં શ્રીસ્વામિનારાયણ હોસ્પિટલ ચાલે છે. સેવાભાવી સ્ટાફ, ડોક્ટરોનું સચોટ નિદાન સાથે સારવાર અને સંતોના આશીર્વાદ તથા ભગવાનની કૃપાથી લોકોને સારૂં થાય છે તેથી અનેક લોકો તેનો લાભ લે છે. આ સેવા સંપૂર્ણ વિના મૂલ્યે-નિ:શુલ્ક ઉપલબ્ધ છે.

આગામી ડિસેમ્બર ૨૦૨૩ થી વિવિધ વિશેષ વોર્ડ સાથે સંપૂર્ણપણે સેવામાં શરૂ થઈ રહેલ છે. મો. ૮૨૩૮ ૮૨૩૮ ૭૫

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત



# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

એવં

# નારાયણ યજ્ઞ મહોત્સવનું

## આયોજન



**પોથીયાત્રા : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૨ તા. ૨૦-૪-૨૦૨૪ સાંજે ૩:૦૦ વાગ્યે**

**કથા પ્રારંભ પ્રથમ દિવસ : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૩ તા. ૨૧-૪-૨૦૨૪**

**કથા વિરામ સાતમો દિવસ : સં.૨૦૮૦ ચૈત્ર વદ-૩ તા. ૨૭-૪-૨૦૨૪ સાંજે ૭:૦૦ વાગ્યે**

**નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૪ તા. ૨૮-૪-૨૦૨૪ સવારે ૬:૩૦ વાગ્યે**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૧-૪-૨૦૨૪ થી તા. ૨૭-૪-૨૦૨૪ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

એક પોથીના રૂા. ૨૫,૦૦૦/-
પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

નારાયણયાગમાં ૧ પોથી પાછળ
૧ જોડલું બેસી શકશે.

૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે પાસ આપવામાં આવશે.
સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮/૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૯ ૦૮૦૦૦**

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૦ – હરેશભાઇ નવનીતરાય મહેતા અ.નિ.માતુશ્રી હસ્તાબેનની પુણ્ય સ્મૃતિમાં – ભુજ
૨૫૧ – રામજી વાલજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે બળદિયા
૫૦૦ – ઘનશ્યામ લાલજી આશાણી શુભ વેવિશાળ(સગાઇ) પ્રસંગે – રામપર નવાવાસ

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2020/UPTO 31-12-2020

## ભવ્યાતિભવ્ય ઉત્સવ ઉજવણી અંજાર

# શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ-અંજાર







| મહોત્સવ પ્રારંભ | મૂર્તિ પ્રતિષ્ઠા | મહોત્સવ સમાપન |
|---|---|---|
| તા. ૯-૪-૨૦૨૪ મંગળવાર | તા. ૧૪-૪-૨૦૨૪ રવિવાર | તા. ૧૫-૪-૨૦૨૪ સોમવાર |